Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-11, Issue-2(September, 2017)
IMPACT FACTOR:3.021
PP:182to188

# “શિક્ષણ અને આર્થિક પ્રવૃત્તિના સ્વરૂપમાં આવેલ પરિવર્તનો” (ત્રણ પેઢીને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ સમાજશાસ્ત્રીય અભ્યાસ)

**ડૉ. નિતિનકુમાર કે. જાદવ**
એચ. કે. આર્ટ્સ કોલેજ,અમદાવાદ.

## ❖ પ્રસ્તાવના

સંશોધન એ એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. જેમાં સંશોધકે કટસ્થાપૂર્વક સંશોધન પ્રક્રિયાના સમગ્ર તબક્કાઓમાંથી પસાર થવું પડે છે. સંશોધન કાર્યએ કઈ નવી માહિતી જાણવા અને તેની પાછળ રહેલા કાર્યકારણ સંબંધને સમજવાના પ્રયત્નરૂપે કરવામાં આવે છે. દરેક સંશોધનનો પાયાગત હેતુ નવી જાણકારી મેળવવાનો હોય છે. સંશોધન બે પ્રકારના હોય છે. શુદ્ધ સંશોધન અને બીજુ વ્યવહારુ સંશોધન શુદ્ધ સંશોધનનો હેતુ સિદ્ધાંત રચનાનો હોય છે. જ્યારે વ્યવહાર સંશોધન સમજમાં જોવા મળતી વર્તમાન સમસ્યાઓના સંદર્ભમાં હોય છે.

## ❖ સંશોધન પ્રશ્ન, સંશોધન પ્રશ્નની પસંદગી અને કારણો

“શિક્ષણ અને આર્થિક પ્રવૃત્તિના સ્વરૂપમાં પરિવર્તનો” - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (ત્રણ પેઢીને કેન્દ્રમાં રાખીને)

કોઈપણ વિજ્ઞાનના વિકાસ માટે સંશોધન થતું રહે તે પાયાગત બાબત છે. તેથી જ સમાજશાસ્ત્ર વિષયના વિકાસના સંદર્ભમાં પ્રસ્તુત સંશોધન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત સંશોધનમાં પ્રશ્નની પસંદગી માટેના જવાબદાર કારણોમાં વર્તમાન સમયમાં ભારતીય સમાજમાં જ્ઞાતિ આધારિત વ્યવસાયનું માળખું તૂટી

ગયું છે. સાથે સાથે સ્ત્રીઓ, નિમ્નવર્ગ અને જ્ઞાતિના શિક્ષણમાં વધારો થતો જાય છે. શહેરીકરણ અને ઉદ્યોગીકરણને કારણે પરિવર્તન ઝડપી બન્યું છે. આ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સમાજમાં કેવા પ્રકારના પરિવર્તનો, તેમાંય ખાસ કરીને શિક્ષણ અને વ્યવસાયના સ્વરૂપમાં કેવો બદલાવ આવ્યો છે તેને ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. આમ ઉપરોક્ત બાબતોને કેન્દ્રમાં રાખીને જવાબદાર પરિબળ તરીકે સંશોધન પ્રશ્નની પસંદગી કરી છે. તેમ કહી શકાય છે.

- **સંશોધનનો હેતુ**

પ્રસ્તુત સંશોધનનો હેતુ છે. ભારતમાં આઝાદી મેળવ્યા પછી શહેરીકરણ, ઉદ્યોગીકરણ, શિક્ષણ અને સ્થળાંતર જેવા પરિબળોએ ભારતીય સમાજના માળખામાં પરિવર્તનની ગતિને તીવ્ર બનાવી છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને સમાજમાં શિક્ષણ અને વ્યવસાયમાં કેવા પ્રકારના પરિવર્તનો આવ્યા છે. પ્રસ્તુત સંશોધનના હેતુ સમાજમાં ત્રણ પેઢીમાં તબક્કાવાર શિક્ષણ અને વ્યવસાયમાં કેવા પ્રકારનું પરિવર્તન આવ્યું છે તે જાણવાનો છે.

- **સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં મોટાપાયા પર આંકડાકીય માહિતીની જરૂરિયાત હોવાને કારણે સમાજશાસ્ત્રમાં પ્રચલિત એવી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

- **માહિતીનો સ્રોત**

કોઈપણ સંશોધન કાર્ય માટે બે પ્રકારના માહિતીના સ્રોત હોય છે. (1) પ્રાથમિક અને (2) ગૌણ. પ્રાથમિક માહિતી માટે કોલેજમાં અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ પાસેથી રૂબરૂમાં માહિતી મેળવવામાં આવી છે. જ્યારે ગૌણ માહિતી તરીકે પુસ્તકાલયનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

❖ **નિદર્શ પસંદગી**

કોઈપણ સંશોધનના યોગ્ય તારણો માટે યોગ્ય નિદર્શ પસંદ કરવું જરૂરી છે. તેને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધનમાં બીન સંભાવનાત્મક નિદર્શનો ઉપલબ્ધ નિદર્શન રીતનો ઉપયોગ કરી અનુસ્નાતક કેન્દ્રમાં અભ્યાસ કરતા કુલ 900 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

❖ **માહિતી મેળવવાની પ્રયુક્તિ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી મેળવવાની પ્રયુક્તિ તરીકે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મુલાકાત અનુસૂચિ તૈયાર કર્યા બાદ તેને અંતિમરૂપ આપતા પહેલા 10 વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવી હતી. જેથી મુલાકાત અનુસૂચિ અને સંશોધનમાં મર્યાદા ન રહે.

**ત્રણ પેઢીમાં આર્થિક પ્રવૃત્તિની માહિતી**

| વ્યવસાય | દાદા | પિતા | દાદી | માતા | વિદ્યાર્થી સ્ત્રી/પુરૂષ |
|---|---|---|---|---|---|
| ખેતી | 18.12% | 05.44% | - | - | - |
| ધંધો | 58.00% | 46.55% | 03.15% | 02.44% | 02.00% |
| નોકરી | 20.88% | 45.46% | 03.52% | 07.44% | 15.33% |
| છૂટક મજૂરી | 03.00% | 02.55% | - | - | - |
| માત્ર અભ્યાસ | - | - | - | - | 82.67% |
| ગૃહકાર્ય | - | - | 93.33% | 90.12% | - |
| **કુલ** | **100%** | **100%** | **100%** | **100%** | **100%** |

N=900

**ત્રણ પેઢીમાં શિક્ષણની માહિતી**

| વ્યવસાય | દાદા | પિતા | દાદી | માતા | વિદ્યાર્થી સ્ત્રી/પુરૂષ |
|---|---|---|---|---|---|
| અભણ | 29.00% | 06.60% | 57.88% | 25.44% | - |
| પ્રાથમિક | 38.80% | 10.77% | 32.48% | 21.22% | - |
| માધ્યમિક | 19.80% | 35.55% | 07.66% | 42.44% | - |
| ઉચ્ચતર માધ્યમિક | 04.40% | 18.20% | 00.88% | 10.68% | - |
| સ્નાતક | 06.12% | 21.55% | 00.88% | 08.00% | - |
| અનુસ્નાતક | 01.88% | 07.33% | 0.22% | 02.00% | 100% |
| કુલ | **100%** | **100%** | **100%** | **100%** | **100%** |

N=900

- **અભ્યાસના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરતા કુલ 900 ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ 900 ઉત્તરદાતાઓ પાસેથી મેળવેલ માહિતીને આધારે સામાજિક પરિવર્તન સાથે સંકળાયેલ બધા પાસાંઓ અંગે માહિતી મેળવી છે. પ્રસ્તુત સંશોધનના માધ્યમથી મેળવેલ માહિતીની આધારે નીચેના તારણો તારવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

- પ્રસ્તુત અભ્યાસમાં કુલ ઉત્તરદાતાઓમાંથી 67% ઉત્તરદાતાઓ સ્ત્રી ઉત્તરદાતાઓ જાણવા મળ્યું છે. જ્યારે તેની તુલનામાં 32% પુરૂષ ઉત્તરદાતાઓનું પ્રમાણ મળ્યું છે. એટલે કે પ્રસ્તુત અભ્યાસના આધારે કહી શકાય કે આર્ટસના અભ્યાસક્રમમાં પુરૂષોની તુલનામાં સ્ત્રીનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. તેના પાછળનું એક માન્યતા એવી પણ હોય કે પિતૃસત્તાક 11 સમાજવ્યવસ્થા પ્રમાણે વર્તમાન સમયમાં પણ છોકરાઓને સાયન્સ, કોમર્સ,

એન્જિનીયરીંગના અભ્યાસક્રમમાં મુકવાનો આગ્રહ કુટુંબ દ્વારા રખાતો હોય છે. તેની તુલનામાં છોકરીઓને લગ્ન કરી સાસરે જવાનું હોવાથી કુટુંબના સભ્યો દીકરીના શિક્ષણમાં રસ દાખવતા નથી અને આર્ટસના અભ્યાસક્રમમાં અભ્યાસ માટે મોકલતા હોય છે એટલે કે કહી શકાય વર્તમાન સમયમાં પણ પુરૂષપ્રધાન મૂલ્ય વ્યવસ્થા અસ્તિત્વ ધરાવે છે.

- ❖ પ્રસ્તુત અભ્યાસમાં કુલ ઉત્તરદાતાઓમાંથી 50% ઉત્તરદાતાઓ ઓપન કેટેગરીમાંથી અભ્યાસ કરવા આવે છે. જ્યારે એની તુલનામાં કુલ ઉત્તરદાતાઓના માત્ર 6% આદિવાસી સમૂહ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવે છે. તેથી કહી શકાય છે કે સમાજના બદલાતા પ્રવાહમાં આદિવાસી સમૂહના લોકો આજે પણ વિકાસની હરોળમાં કે ઉર્ધ્વગામી ગતિશીલતામાં પાછળ રહી ગયા છે. જ્યારે પરંપરાગત રીતે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગતિશીલતામાં જ્ઞાતિ સાથે સંકળાયેલા પરંપરાગત ધોરણો કે જેમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓને શિક્ષણ નિષેધની વ્યવસ્થાના ફળ સ્વરૂપે આ પ્રકારની પરિસ્થિતિ વર્તમાન સમયમાં પણ પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળ્યા છે.

- ❖ પ્રસ્તુત સંશોધનમાં મેળવેલ માહિતીના આધારે સ્પષ્ટપણે જોઈ શકાય છે કે મોટાભાગના ઉત્તરદાતાઓના (દાદાઓ) પરંપરાગત વ્યવસાય સાથે સંકળાયેલા જોવા મળે છે. જેનું પ્રમાણ 58% હતું. તેની તુલનામાં ઉત્તરદાતાના પિતાના વ્યવસાયમાં તે પ્રમાણ ઘટતું જોવા મળ્યું છે. આ બંને પેઢીની તુલનામાં ઉત્તરદાતા પોતે કોઈ વ્યવસાય સાથે સંકળાયેલા હોય તેવું પ્રમાણ 2% જોવા મળે છે. આ માહિતીના આધારે એ સ્પષ્ટ થાય છે કે ત્રણ પેઢીમાં પરંપરાગત વ્યવસાયો કરતા લોકોનું પ્રમાણ ઘટતું જાય છે. તેથી તુલનામાં નોકરીનું પ્રમાણ વધતું જાય છે. સાથે સાથે દાદાની પેઢીમાં ખેતી સાથે સંકળાયેલ લોકોની તુલનામાં પિતાની ખેતીનું પ્રમાણ ખૂબ જ ઘટેલું જોવા મળે છે.

- પ્રસ્તુત અભ્યાસમાં ત્રણ પેઢીમાં જોવા મળેલ શિક્ષણના પ્રમાણને આધારે તારણો તારવીએ તો દાદાની પેઢીમાં મોટાભાગના અભણ અને માત્ર પ્રાથમિક 12 શિક્ષણ સુધી અભ્યાસ કરતા જોવા મળ્યા છે. જેની તુલનામાં પિતાની પેઢીમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, સ્નાતક સુધીમાં અભ્યાસ કરનારાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. આ બંને પેઢીની તુલનામાં ઉત્તરદાતાઓનું શિક્ષણ અનુસ્નાતક કક્ષાનું હતું એટલે કે પેઢી દરે પેઢી શિક્ષણ મેળવવાનું પ્રમાણ વધેલું જોવા મળ્યું છે. તેના પાછળનું કારણ ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા ઉત્તરદાતાઓ ઘટતું પ્રમાણ બતાવે છે કે ખેતી અને પરંપરાગત વ્યવસાયની તુલનામાં જેમ જેમ સમાજમાં પરિવર્તન આવતું જાય છે. તેમ તેમ નોકરીનું પ્રમાણ વધતું જોવા મળ્યું છે. અને નોકરી માટે યોગ્ય ઉચ્ચશિક્ષણની પ્રાથમિક અને પાયાની જરૂરિયાત જણાય છે.

- પ્રસ્તુત અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દાદી અને માતા આ બંનેની પેઢીમાં મોટાભાગના ગૃહકાર્ય(ઘરકામ) સાથે સંકળાયેલા જોવા મળ્યા હતા. એટલે કે સ્ત્રીઓના પરંપરાગત દરજ્જામાં કોઈ વિશેષ પરિવર્તન નોંધાયું નથી. પરંતુ પ્રસ્તુત અભ્યાસમાં 900 ઉત્તરદાતાઓમાંથી 612 સ્ત્રી ઉત્તરદાતાઓ એવું દર્શાવે છે કે મહિલાઓ પેઢી દર પેઢી જાગૃત બનતી જાય છે તે બાબત અભ્યાસના કુલ ઉત્તરદાતાઓમાંથી જોવા મળેલ સ્ત્રીઓનું પ્રમાણ દર્શાવે છે.

- પ્રસ્તુત અભ્યાસના આધારે ત્રણ પેઢીમાં શિક્ષણ અંગે મેળવેલ માહિતીના આધારે પેઢી દર પેઢી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે. બદલાતી જતી સામાજિક વ્યવસ્થા અને પરિવર્તનમાં સ્ત્રીઓ પોતાના યોગ્ય દરજ્જાને સ્થાપિત કરવા માટે શિક્ષણ તરફ વળતી હોય તેવું પ્રસ્તુત અભ્યાસના આધારે જાણવા મળે છે.

## સંદર્ભસૂચિ

(1) Asthana S. H., 1976 "The Sociology of Education In India" NCERT New Delhi.

(2) Dame U.B., 1966 "College Youth in Poona-A Study of Elite in The Making" Deccan College Poona.

(3) Desai Urmi, 1983 "Change and Traditionalism Among Girls" Ph.D. Thesis Gujarat University Unpublished.

(4) Gore M. S. And Others (Ed.), 1963, "The Sociology of Education In India" NCERT, New Delhi.

(5) Gore M. S., 1972 "Indian Youth Process Socialization" Vishwa Yyvank Kendra New Delhi.

(6) Nair P. S. And Other (Ed.) 1989 "Indian Youth : A Profile" Mittal Publication New Delhi.

(7) Shrimal L. M., 1972 "Youth Unrest Conflict Generations" National Publication New Delhi.

(8) ચાવડા એ. એલ., પટેલ વી. પી. (Ed) 2008, "યુવા : યુવાનોનાં સમાજશાસ્ત્રીય લેખોના સંગ્રહ", પાર્શ્વ પ્રકાશન.

(9) શાહ બુદ્ધિઆંક, શાહ કૌશલ્યા, 1987, "શિક્ષણનું સમાજશાસ્ત્ર" યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.